HEADLINES AT 09:30 AM DT. 06-06-2024

આકાશવાણી ભુજ.... પ્રસ્તુત છે મુખ્ય સમાચાર...

- નરેન્દ્ર મોદી સર્વ સંમતિથી એનડીએના નેતા તરીકે ચૂંટાયા - આવતીકાલે સંસદ પરિસરમાં એનડીએના સાંસદોની બેઠક મળશે
- સતત ત્રીજી વાર લોકસભા ચૂંટણીમાં જીત મેળવવા બદલ વૈશ્વિક નેતાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અને તેમના પક્ષને શુભેચ્છા પાઠવી.
- લોકસભા ચૂંટણીમાં જરૂરી મત ન મળતાં રાજ્યમાં 265માંથી 215 ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી.
- મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે, રાજ્યમાં પક્ષના અસંતોષજનક પ્રદર્શનની જવાબદારી સ્વીકારતા, ઉપમુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાની રજૂઆત કરી છે.
- વેપારમાં સરળતા રહે તે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)એ ડ્યુટી ડ્રો બેકની રકમ સીધી નિકાસકારોનાં બેન્ક ખાતામાં ભરપાઈ કરવાનું શરૂ કર્યું છે.
- ભારતીય અને અમેરિકા મૂળના અંતરિક્ષ યાત્રી સુનિતા વિલિયમ્સ નાસાના હ્યૂમન-રેટેડ અંતરિક્ષ યાનમાં ઉડ્ડયન કરનારા પહેલા મહિલા અવકાશ યાત્રી બન્યા
- ગાંધીધામ નજીક રૂપિયા 130 કરોડની કિંમતના માદક પદાર્થો ઝડપાયા – બે વ્યક્તિની ધરપકડ કરાઇ.
- ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષ માટે ચોઇસ ફિલીંગ કાર્યવાહી આજથી શરૂ થશે.
- ધોરણ 12ના અમાન્ય બોર્ડમાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ ફાર્મસી કોર્સમાં પ્રવેશ મેળવી શકશે નહીં તેમ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલે જાહેરાત કરી છે.

- ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા સીએ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાગ લેવા માટે 10 જૂન સુધીમાં ફોર્મ ભરી શકાશે.
- લોક સભાની ચુંટણી પ્રક્રિયા મતગણતરી સાથે સંપન્ન થયા બાદ પોણા ત્રણ માસ જેટલા લાંબા ગાળા પછી આચાર સંહિતના અમલના કારણે જીલ્લામાં મંદ પડેલી વહીવટી ગતિવિધીઓ ફરી વેગવાન બનશે.
- મતગણતરી સંપન્ન થયા બાદ તમામ ઈ.વી.એમ અને વી.વી.પેટને સીલ કરી મુન્દ્રા રોડ સ્થિત વેર હાઉસમાં મુકી દેવાયા છે.ઉલ્લેખનીય છે કે 6 માસ સુધી આ ઈવીએમ અને વી.વી.પેટનો ડેટા સાચવી રખાશે.
- રાજ્યમાં પ્રિમોન્સુન એક્ટિવીટી અને ચોમાસુ નજીક આવતા રાજ્યના હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહમાં સૌરાષ્ટ્ર,મધ્ય ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ.
- ભારતે આયર લેન્ડને 8 વિકેટે હરાવી ટી-20 વિશ્વ કપ ક્રિકેટ સ્પર્ધા અભિયાનનો વિજયી આરંભ કર્યો હતો.

હવે પછીના મુખ્ય સમાચાર સાંજે 5 વાગીને 10 મિનિટે અપાશે.